સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

LATEST 2019

# ICE® MAGIC

## CURRENT AFFAIRS




106th Indian Science Congress 2019






ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર



પ્રસિદ્ધ ક્રિકેટ ગુરૂ શ્રી રમાકાંત આચરેકરનું નિધન




ત્રણ બેંકના મર્જરને કેબિનેટની મંજૂરી

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)

[JAN - 2019]
[01/01 to 05/01]

# WEEK-01

- ગુજરાતના રાજકોટ ખાતે એઈમ્સની મંજૂરી
- પ્રસિદ્ધ અભિનેતા શ્રી કાદરખાનનું નિધન
- ICC વિમેન્સ ક્રિકેટ એવોર્ડ 2018
- બે મહિલાઓનો સબરીમાલા મંદિરમાં પ્રવેશ
- શ્રીમતી શેખ હસીના બાંગ્લાદેશના વડાપ્રધાન તરીકે સતત ત્રીજી વખત ચૂંટાયા
- Chang'e 4


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 01 JANUARY, 2019 TUESDAY

## ➤ ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર

ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે તાજેતરમાં શ્રી સુધીર ભાર્ગવની નિમણૂક કરવામાં આવી છે.



- શ્રી સુધીર ભાર્ગવ ભારતના 9મા મુખ્ય માહિતી કમિશનર બન્યા છે.
- ભારતના નવમા મુખ્ય માહિતી કમિશનર તરીકે શ્રી સુધીર ભાર્ગવે શ્રી આર. કે. (એટલે કે રાધા કૃષ્ણ) માથુરનું સ્થાન લીધું છે.
- શ્રી સુધીર ભાર્ગવ જૂન 2015થી ભારતના માહિતી કમિશનર હતા. હવે તેમની નિમણૂક મુખ્ય માહિતી કમિશનર તરીકે કરવામાં આવી છે.

**નોંધ :** ભારતના પ્રથમ મુખ્ય માહિતી કમિશનર શ્રી વજાહત હબીબુલ્લા હતા.

**રાષ્ટ્રીય માહિતી આયોગ**

**(Central Information Commission)**

ભારતમાં રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ 2005 અંતર્ગત 12 ઓક્ટોબર, 2005ના રોજ રાષ્ટ્રીય માહિતી આયોગની સ્થાપના થઈ હતી.

- આ આયોગમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં વધુ 10 અન્ય કમિશનર હોય છે.
- તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- આ આયોગના માહિતી કમિશનર અથવા મુખ્ય માહિતી કમિશનરનો સમયગાળો 5 વર્ષ કે 65 વર્ષ તે બેમાંથી જે પહેલા પૂરું થાય તે હોય છે.
- રાષ્ટ્રીય માહિતી આયોગનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ICC વિમેન્સ ક્રિકેટ એવોર્ડ-2018

ICC દ્વારા તાજેતરમાં વર્ષ 2018ના વિમેન્સ ક્રિકેટ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે.



- આ અંતર્ગત વર્ષ 2018ના 'ICC વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર' એવોર્ડ માટે ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ માંધાનાની પસંદગી કરવામાં આવી છે.
- 'ICC વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ' ઉપરાંત વર્ષ 2018નો 'ICC વિમેન્સ વન ડે ક્રિકેટર ઓફ ધ યર' એવોર્ડ પણ સ્મૃતિ માંધાનાને જ એનાયત થયો છે.
- જ્યારે વર્ષ 2018ના 'ICC વિમેન્સ ટી-20 ક્રિકેટર ઓફ ધ યર' એવોર્ડ માટે ઓસ્ટ્રેલિયાના મહિલા ક્રિકેટર એલિસા હિલીની પસંદગી કરવામાં આવી છે.

## ICC વિમેન્સ ક્રિકેટ એવોર્ડ 2018

| ક્રમ | એવોર્ડનું નામ | વિજેતા | દેશ |
|---|---|---|---|
| 1 | ICC વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર | સ્મૃતિ માંધાના | ભારત |
| 2 | ICC વિમેન્સ વન ડે ક્રિકેટર ઓફ ધ યર | સ્મૃતિ માંધાના | ભારત |
| 3 | ICC વિમેન્સ ટી-20 ક્રિકેટર ઓફ ધ યર | એલિસા હિલી | ઓસ્ટ્રેલિયા |

**નોંધ :** (1) 1 જાન્યુઆરી 2018થી 31 ડિસેમ્બર 2018 સુધીના પ્રદર્શનને આધારે ICC દ્વારા ખેલાડીઓને આ એવોર્ડ એનાયત થાય છે.

(2) સ્મૃતિ માંધાના ICC વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ જીતનાર બીજા ભારતીય મહિલા ક્રિકેટર છે.

(3) સ્મૃતિ માંધાના અગાઉ વર્ષ 2007માં ઝૂલન ગોસ્વામીને આ એવોર્ડ એનાયત થયો હતો.

(4) ઉપરોક્ત એવોર્ડ માટે સ્મૃતિ માંધાનાને 'રાચેલ હેયો ફ્લીંટ એવોર્ડ' એનાયત થશે.

(5) સ્મૃતિ માંધાના મહારાષ્ટ્રના મહિલા બેટ્સમેન છે. તેમનો જન્મ 18 જુલાઈ, 1996ના રોજ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICC વિમેન્સ વન ડે ટીમ 2018

ICC દ્વારા તાજેતરમાં ICC વિમેન્સ વન ડે ટીમ 2018ની પણ જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત વર્ષ 2018ની ICC વિમેન્સ વન ડે ટીમમાં ભારતના સ્મૃતિ માંધાના અને પૂનમ યાદવનો સમાવેશ થયો છે.
- જ્યારે ન્યુઝીલેન્ડના મહિલા ક્રિકેટર સુઝી બેટ્સની વર્ષ 2018ની ICC વિમેન્સ વન ડે ટીમના કેપ્ટન તરીકે પસંદગી કરવામાં આવી છે.

## ICC વિમેન્સ ટી-20 ટીમ 2018

ICC દ્વારા તાજેતરમાં જાહેર થયેલી વર્ષ 2018ની ICC વિમેન્સ ટી-20 ટીમમાં ભારતના સ્મૃતિ માંધાના, પૂનમ યાદવ અને હરમનપ્રીત કૌરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- જેમાંથી વર્ષ 2018ની ICC વિમેન્સ ટી-20 ટીમના કેપ્ટન તરીકે ભારતના હરમનપ્રીત કૌરની પસંદગી કરવામાં આવી છે.

## ICC વિમેન્સ ટીમ 2018

| ક્રમ | ટીમનું નામ | કેપ્ટન | સમાવેશ પામેલ ભારતીય ખેલાડી |
|---|---|---|---|
| 1 | ICC વિમેન્સ વન ડે ટીમ 2018 | સુઝી બટ્સ (ન્યુઝીલેન્ડ) | સ્મૃતિ માંધાના<br>પૂનમ યાદવ |
| 2 | ICC વિમેન્સ ટી-20 ટીમ 2018 | હરમનપ્રીત કૌર (ભારત) | હરમનપ્રીત કૌર<br>સ્મૃતિ માંધાના<br>પૂનમ યાદવ |

**નોંધ :**(1) હરમનપ્રીત કૌર પંજાબના મહિલા ઓલરાઉન્ડર છે. તેમનો જન્મ 8 માર્ચ, 1989ના રોજ પંજાબના મોગા ખાતે થયો હતો.

(2) પૂનમ યાદવ ઉત્તરપ્રદેશના મહિલા ક્રિકેટર છે. તેમનો જન્મ 24 ઓગસ્ટ, 1991ના રોજ ઉત્તરપ્રદેશના આગ્રા ખાતે થયો હતો.

### ICC

ICCનું પૂરું નામ 'International Cricket Council' છે.

- ICCએ ક્રિકેટના નિયમન માટેની વૈશ્વિક સંસ્થા છે. વૈશ્વિક સ્તરે ક્રિકેટનું નિયમન ICC દ્વારા કરવામાં આવે છે.
- ICC ની સ્થાપના 15 જૂન, 1990ના રોજ થઈ હતી.
- ICCનું વડું મથક યુનાઈટેડ આરબ અમિરાતના દુબઈ ખાતે આવેલું છે.
- ICCનો મોટો 'Cricketer for good' છે.
- ICCના વર્તમાન (1 જાન્યુઆરી, 2019ની સ્થિતિએ) ચેરમેન ભારતના શ્રી શશાંક મનોહર છે.

## ➢ 1 જાન્યુઆરી, 2019થી ત્રણ નવા નિયમો અમલમાં આવશે

RBI તથા ઈરડા દ્વારા અગાઉથી કરવામાં આવેલી જાહેરાત અનુસાર 1 જાન્યુઆરી 2019થી મહત્ત્વના ત્રણ નવા નિયમો અમલમાં આવશે. આ અંતર્ગત –

### (1) મેગ્નેટિક સ્ટ્રિપવાળા ડેબિટ-ક્રેડિટકાર્ડ બંધ

RBIના આદેશ અનુસાર 1 જાન્યુઆરી, 2019થી મેગ્નેટિક સ્ટ્રિપવાળા ડેબિટ–ક્રેડિટ કાર્ડ કામ કરતા બંધ થઈ જશે.

- તેના સ્થાને માત્ર EMV ચિપ બેઝ્ડ કાર્ડ જ ચાલશે.
- RBIના આદેશ અનુસાર સાયબર ફ્રોડથી બચવા માટે આ નવું કાર્ડ શરૂ કરવામાં આવ્યું છે.

### (2) નોન CTS ચેક બંધ

RBIના આદેશ અનુસાર 1 જાન્યુઆરી, 2019થી નોન CTS ચેક બંધ થઈ જશે.

- તેની જગ્યાએ CTS ચેક જ ચાલશે. CTSનું પૂરું નામ 'ચેક ટ્રાન્ઝેક્શન સિસ્ટમ' છે.

### (3) એક્સિડેન્ટલ કવર રૂ. 15 લાખ સુધી મળશે

ઈરડા દ્વારા લાગુ કરવામાં આવેલા નવા નિયમ અનુસાર 1 જાન્યુઆરી, 2019થી પર્સનલ એક્સિડન્ટ કવર રૂપિયા 1 લાખથી વધારીને રૂપિયા 15 લાખ કરવામાં આવ્યું છે.

- આથી, અકસ્માતમાં વાહનમાલિક કે ડ્રાઈવરનું મૃત્યુ થાય તો તેમના પરિવારને રૂપિયા 15 લાખ સુધીની રકમ મળશે.
- IRDA નુ પૂરું નામ "Insurance Regulatory and Development Authority" છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતની સ્કૂલોમાં હવે 'યસ સર : પ્રેઝન્ટ સર'ની જગ્યાએ 'જય હિંદ, જય ભારત'

ગુજરાતની શાળાઓમાં અત્યાર સુધી શિક્ષક દ્વારા જ્યારે વિદ્યાર્થીની હાજરી પૂરવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓ **'યસ સર'** કે **'પ્રેઝન્ટ સર'** જેવા શબ્દો બોલતા હતા.

- આ શબ્દોને સ્થાને **1 જાન્યુઆરી, 2019**થી ગુજરાતમાં ગુજરાત સરકારના શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ શાળાઓમાં વિદ્યાર્થીએ **'જય હિંદ'** કે **'જય ભારત'** શબ્દ બોલવાનો રહેશે.
- વિદ્યાર્થીઓમાં દેશ ભક્તિની ભાવના જાગ્રત થાય તે માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આ આદેશ આપવામાં આવ્યો છે.

## ➤ શ્રીમતી શેખ હસીના વાઝેદ બાંગ્લાદેશના વડાપ્રધાન તરીકે સતત ત્રીજીવાર ચૂંટાઇ આવ્યા



તાજેતરમાં **બાંગ્લાદેશ**માં યોજાયેલી **11મી સામાન્ય ચૂંટણી**માં બાંગ્લાદેશના મહિલા વડાપ્રધાન **શ્રીમતી શેખ હસીના વાઝેદ** પ્રચંડ બહુમતીથી ચૂંટાઈ આવ્યા છે.

- બાંગ્લાદેશની સંસદમાં **કુલ 350 બેઠકો** છે.
- તેમાંથી 50 બેઠકો **મહિલાઓ માટે અનામત** રાખવામાં આવી છે.
- જ્યારે બાકીની 300 સીટો માટે મતદાન થાય છે.
- તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં **શ્રીમતી શેખ હસીના**ના પક્ષ **બાંગ્લાદેશ આવામી લીગ**નો 300માંથી લગભગ 257 સીટો પર વિજય થયો છે.

**નોંધ :** (1) બાંગ્લાદેશની સંસદ **'Jatiya Sangsad'** તરીકે ઓળખાય છે.
(2) બાંગ્લાદેશમાં **દર પાંચ વર્ષે** સંસદીય ચૂંટણી યોજાય છે.

### બાંગ્લાદેશની ચૂંટણીની ભારત પર અસર

બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાનું વલણ ભારત તરફી રહ્યું છે.

- આથી બાંગ્લાદેશમાં એકવાર ફરીથી ભારત તરફી સરકારની રચના થઈ છે. જે ભારતના હિતમાં છે.
- કારણ કે ચીન ભારતના પાડોશી દેશોને પોતાની તરફેણમાં લેવા માટે સતત પ્રયત્નો કરતું રહ્યું છે.
- આ સંજોગોમાં બાંગ્લાદેશમાં ભારત તરફી સરકારની રચના વ્યૂહાત્મક દષ્ટિએ ભારત માટે ખૂબ જ લાભદાયી છે.
- તાજેતરમાં **બાંગ્લાદેશ** ઉપરાંત ભારતના પાડોશી દેશો **ભૂતાન** અને **માલદીવ**માં પણ ભારત તરફી સરકારની જ રચના થઈ છે.

**નોંધ :** તાજેતરમાં **મે 2018**માં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** અને બાંગ્લાદેશના વડાપ્રધાન **શ્રીમતી શેખ હસીના**એ ભારતમાં **પશ્ચિમ બંગાળના શાંતિનિકેતન** ખાતે આવેલી **વિશ્વ ભારતી યુનિવર્સિટી**માં **'બાંગ્લાદેશ ભવન'**નું ઉદ્ઘાટન કર્યું હતું.

### શ્રીમતી શેખ હસીના વાઝેદ

**શ્રીમતી શેખ હસીના** બાંગ્લાદેશમાં વડાપ્રધાન પદે **સૌથી લાંબો સમય** સેવા આપનાર **બાંગ્લાદેશના વડાપ્રધાન** છે.

- શ્રીમતી શેખ હસીના બાંગ્લાદેશના **10મા** વડાપ્રધાન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- તેઓ તાજેતરમાં **ચોથી વખત** બાંગ્લાદેશના વડાપ્રધાન બનશે.
- શ્રીમતી શેખ હસીના **'બાંગ્લાદેશના જનક'** તથા **બાંગ્લાદેશના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી શેખ મુજીબુર્ રહેમાન**ના પુત્રી છે.
- 15 ઓગસ્ટ, 1975ના રોજ બાંગ્લાદેશમાં **'બંગબંધુ'** તરીકે પ્રસિદ્ધ **શ્રી શેખ મુજીબુર્ રહેમાન**ની હત્યા થયા બાદ **શ્રીમતી શેખ હસીના**એ તેમના પતિ અને બે સંતાનો સાથે ભારતના **દિલ્હી**માં જ શરણ લીધું હતું. અને તેઓ 1981 સુધી ભારતમાં રહ્યા હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી મુશરફે મુર્તઝા

**શ્રી મુશરફે મુર્તઝા** બાંગ્લાદેશના પ્રસિદ્ધ **ક્રિકેટર** છે. વર્ષ 2007માં યોજાયેલા ક્રિકેટ વર્લ્ડ કપની એક મેચમાં બાંગ્લાદેશે ભારતને પાંચ વિકેટે પરાજય આપ્યો હતો.

- આ મેચમાં ભારતની ચાર વિકેટ લઈને બાંગ્લાદેશના કેપ્ટન શ્રી મશરફે મુર્તઝા મેન ઓફ ધ મેચ બન્યા હતા.
- બાંગ્લાદેશમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં **શ્રી મશરફે મુર્તઝા** શ્રીમતી શેખ હસીનાના પક્ષ **આવામી લીગ** તરફથી ચૂંટાઈ આવ્યા છે.
- આથી, તેમનું નામ હાલ ચર્ચામાં છે.

**નોંધ :** બાંગ્લાદેશમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં સિલેક્ટેડ મતવિસ્તારોમાં પહેલી વખત **EVM**નો ઉપયોગ થયો હતો.



1st JULY TO 31st DEC સુધીનું છેલ્લા 6 માસનું સંપૂર્ણ કરન્ટ અફેર્સ

અર્ધવાર્ષિક કરન્ટ અફેર્સ
ICE® MAGIC

ગુજરાત, ભારત અને વિશ્વની મહત્ત્વની ઘટનાઓનો સમાવેશ
વર્તમાન પ્રવાહો વિશેની ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી માહિતી
કરન્ટ અફેર્સના 1100+ પ્રશ્ન જવાબો

વર્તમાન પ્રવાહોની ઓછા સમયમાં સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી

GPSC 1/2, P.I./PSI/CONSTABLE, Dy. MAMLATDAR,
બિનસચિવાલય કલાર્ક, તલાટી વગેરે...
તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક




Available at amazon
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ CALL : 93753-01110

## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી શશાંક મનોહર (B) શ્રી સુનિલ ભાર્ગવ (C) શ્રી સુધીર ભાર્ગવ (D) શ્રી શાહિલ ભાર્ગવ | (C) |
| 2. | ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે શ્રી સુધીર ભાર્ગવે કોનું સ્થાન લીધું છે ?<br>(A) શ્રી એ. કે. રાઠોડ (B) શ્રી વજાહત હબીબુલ્લા (C) શ્રી આર. કે. રાઠોડ (D) શ્રી આર. કે. માથુર | (D) |
| 3. | ભારતના રાષ્ટ્રીય માહિતી આયોગમાં એક મુખ્ય માહિતી કમિશનર ઉપરાંત વધુમાં વધુ કુલ કેટલા અન્ય કમિશનર હોય છે ?<br>(A) 5 (B) 7 (C) 8 (D) 10 | (D) |
| 4. | 'ICC વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર 2018' તથા 'ICC વિમેન્સ વન ડે ક્રિકેટર ઓફ ધ યર 2018' એવોર્ડ વિજેતા મહિલા ક્રિકેટરનું નામ શું છે ?<br>(A) હરમનપ્રીત કૌર (B) સ્મૃતિ માંધાના (C) એલિસા હિલી (D) સુઝી બેટ્સ | (B) |
| 5. | સ્મૃતિ માંધાના ભારતના કયા રાજ્યના મહિલા ક્રિકેટર છે ?<br>(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) કર્ણાટક (D) હરિયાણા | (A) |
| 6. | ICC વિમેન્સ ટી-20 ટીમ 2018ના કેપ્ટન તરીકે તાજેતરમાં કોની પસંદગી કરવામાં આવી છે ?<br>(A) સ્મૃતિ માંધાના (B) હરમનપ્રીત કૌર (C) ઝૂલન ગોસ્વામી (D) સુઝી બેટ્સ | (B) |
| 7. | RBIના આદેશ અનુસાર 1 જાન્યુઆરી, 2019થી કયા ક્રેડિટ – ડેબિટ કાર્ડ બંધ થઈ ગયા છે ?<br>(A) EMV ચિપ બેઝ્ડ (B) RVM ચિપ બેઝ્ડ<br>(C) મેગ્નેટિક સ્ટ્રિપવાળા (D) ત્રણમાંથી કોઈ નહિ | (C) |
| 8. | RBIના આદેશ અનુસાર 1 જાન્યુઆરી, 2019થી કયા ચેક બંધ થઈ ગયા છે ?<br>(A) Non CTS (B) CTS (C) Non STC (D) STC | (A) |
| 9. | ઈરડા દ્વારા લાગુ કરવામાં આવેલા નવા નિયમ અનુસાર 1 જાન્યુઆરી, 2019થી પર્સનલ એક્સિડન્ટ કવર રૂપિયા 1 લાખથી વધારીને કેટલા રૂપિયા કરવામાં આવ્યું છે ?<br>(A) 2 લાખ (B) 5 લાખ (C) 10 લાખ (D) 15 લાખ | (D) |
| 10. | ગુજરાતમાં ગુજરાત સરકારના શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત સ્કૂલોમાં 1 જાન્યુઆરી, 2019થી હાજરી દરમિયાન વિદ્યાર્થી દ્વારા 'યસ સર' અને 'પ્રેઝન્ટ સર'ની જગ્યાએ કયા શબ્દનો પ્રયોગ કરવામાં આવશે ?<br>(A) વંદે માતરમ્ (B) જય હિંદ<br>(C) જય ભારત (D) A અને C બંને માંથી કોઈપણ એક | (D) |
| 11. | તાજેતરમાં બાંગ્લાદેશના વડાપ્રધાન પદે ચૂંટાઈ આવનાર શ્રીમતી શેખ હસીનાના પક્ષનું નામ શું છે ?<br>(A) બાંગ્લાદેશ આવામી લીગ (B) નેશનલ ફ્રન્ટ<br>(C) બાંગ્લાદેશ નેશનલ પાર્ટી (D) જાતીયા પાર્ટી | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 02 JANUARY, 2019 WEDNESDAY

### ➤ ભારતીય ફિલ્મજગતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી કાદરખાનનું નિધન

"સુખ તો બેવફા હૈ, આતા હૈ જાતા હૈ, દુઃખ હી અપના સાથી હૈ,જો અપને સાથ રહેતા હૈ. તુ દુઃખ કો અપના લે, તબ તકદીર તેરે કદમો મેં હોગી, ઔર તૂ મુકદ્દર કા બાદશાહ હોગા."



"આજ સામ છે બજે, મોત કે સાથ અપના એપોઈન્ટમેન્ટ હૈ."
('મુકદ્દર કા સિકંદર' અને 'અગ્નિપથ' ફિલ્મમાં શ્રી કાદરખાને લખેલા ડાયલોગ)

ભારતીય ફિલ્મજગતના પ્રસિદ્ધ અભિનેતા, કોમેડિયન, સ્ક્રીપ્ટ રાઈટર, ડિરેક્ટર તથા ફિલ્મોમાં ડાયલોગ લેખક **શ્રી કાદરખાનનું** 31 ડિસેમ્બર, 2018ના રોજ **કેનેડા**ના **ટોરોન્ટો** ખાતે 81 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી કાદરખાને **કેનેડા**ની નાગરિકતા સ્વીકારી હતી.
- શ્રી કાદરખાને **1973**માં ફિલ્મ **"દાગ"**માં **વકીલ**ની ભૂમિકા ભજવીને હિન્દી ફિલ્મોમાં કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.
- આ અગાઉ તેઓ મુંબઈની એમ. એચ. સિદ્દીક એન્જિનિયરિંગ કોલેજમાં **સિવિલ એન્જિનિયરિંગ**ના પ્રોફેસર હતા.
- શ્રી કાદરખાનનો જન્મ 22 ઓક્ટોબર, 1937ના રોજ **અફઘાનિસ્તાન**ના **કાબુલ** ખાતે થયો હતો.
- પ્રતિભાશાળી પટકથાલેખક અને સંવાદલેખક એવા શ્રી કાદરખાને લખેલા અનેક ડાયલોગ શ્રી અમિતાભ બચ્ચનને નામે હિટ થયા હતા.
- શ્રી કાદરખાને 300થી વધુ હિન્દી અને ઉર્દૂ ફિલ્મોમાં અભિયન કર્યો હતો અને તેમણે 250થી વધુ ફિલ્મોમાં ડાયલોગ લખ્યા હતા.
- શ્રી કાદરખાને **સ્ક્રીપ્ટ રાઈટર** તરીકેની કારકિર્દીનો પ્રારંભ **'જવાની દિવાની'** ફિલ્મથી કર્યો હતો.
- શ્રી કાદરખાનની પ્રસિદ્ધ ફિલ્મોમાં હીરો નંબર 1, હસીના માન જાયેગી, મુકદ્દર કા સિકંદર, દુલ્હે રાજા, સાજન ચલે સસુરાલ વગેરે જેવી અનેક ફિલ્મોનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી કાદરખાનને એનાયત થયેલા એવોર્ડ

શ્રી કાદરખાનને એનાયત થયેલા પુરસ્કારોમાં નીચેના પુરસ્કારોનો સમાવેશ થાય છે :

(1) 'મેરી આવાઝ સુનો' ફિલ્મમાં બેસ્ટ ડાયલોગ માટે 1982માં ફિલ્મફેર એવોર્ડ.

(2) 'બાપ નંબરી બેટા દસ નંબરી' ફિલ્મમાં બેસ્ટ કોમેડી માટે 1991માં ફિલ્મફેર એવોર્ડ.

(3) 'અંગાર' ફિલ્મમાં બેસ્ટ ડાયલોગ માટે 1993માં ફિલ્મફેર એવોર્ડ.

(4) સાહિત્ય શિરોમણિ એવોર્ડ, 2013 (હિન્દી ફિલ્મોમાં પ્રદાન માટે)

**નોંધ :** (1) 1973માં આવેલી 'દાગ' ફિલ્મ અભિનેતા તરીકે શ્રી કાદરખાનની **પ્રથમ** ફિલ્મ હતી.

(2) જ્યારે તેમણે છેલ્લે વર્ષ 2017માં આવેલી **'મસ્તી નહિ સસ્તી'** ફિલ્મમાં **'અંકલ'**ની ભૂમિકા ભજવી હતી.

(3) શ્રી કાદરખાનને એકપણ પદ્મ પુરસ્કાર એનાયત થયો નથી.

## ➤ તેલંગણા હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ



તાજેતરમાં **તેલંગણા હાઈકોર્ટ**ના **પ્રથમ મુખ્ય ન્યાયાધીશ** તરીકે **શ્રી ટી. (થોટ્ટાથિલ) બી. રાધાકૃષ્ણ**ને શપથ ગ્રહણ કર્યા છે.

- શ્રી ટી. બી. રાધાકૃષ્ણનને **તેલંગણા તથા આંધ્રપ્રદેશ**ના રાજ્યપાલ **શ્રી ઈ. એસ. એલ. નરસિમ્હને** આ શપથ અપાવ્યા હતા.
- 1 જાન્યુઆરી, 2019થી **હૈદરાબાદ હાઈકોર્ટ**નું નામ બદલીને **તેલંગણા હાઈકોર્ટ** કરવામાં આવ્યું છે.
- અને આ તેલંગણા હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી ટી. બી. રાધાકૃષ્ણનની નિમણૂક કરવામાં આવી છે.

### ભારતની 25મી હાઈકોર્ટ

1 જાન્યુઆરી, 2019ના રોજ નવી **આંધ્રપ્રદેશ હાઈકોર્ટ**ની રચના કરવામાં આવી છે.

- આંધ્રપ્રદેશ હાઈકોર્ટ ભારતની **25મી હાઈકોર્ટ** છે.
- આ હાઈકોર્ટની બેઠક આંધ્રપ્રદેશના પાટનગર **અમરાવતી** ખાતે આવેલી છે.
- તાજેતરમાં 1 જાન્યુઆરી, 2019થી આંધ્રપ્રદેશના **કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ** તરીકે **શ્રી સી. (ચેગરી) પ્રવીણ કુમાર**ની નિમણૂક કરવામાં આવી છે.
- શ્રી સી. પ્રવીણ કુમારની આ નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા ભારતીય બંધારણના **અનુચ્છેદ 223** અંતર્ગત કરવામાં આવી છે.

### તેલંગણા તથા આંધ્રપ્રદેશ હાઈકોર્ટ

| તેલંગણા હાઈકોર્ટ | આંધ્રપ્રદેશ હાઈકોર્ટ |
|---|---|
| જૂનું નામ : હૈદરાબાદ હાઈકોર્ટ | ભારતની નવી 25મી હાઈકોર્ટ |
| બેઠક : હૈદરાબાદ | બેઠક : અમરાવતી |
| પ્રથમ મુખ્ય ન્યાયાધીશ : શ્રી ટી. બી. રાધાકૃષ્ણન | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ : શ્રી સી. પ્રવીણ કુમાર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હાઈકોર્ટ અંગે ભારતીય બંધારણના મહત્ત્વના અનુચ્છેદ

| ક્રમ | અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|---|
| 1 | 214 | રાજ્યો માટે હાઈકોર્ટ |
| 2 | 216 | હાઈકોર્ટની રચના |
| 3 | 217 | હાઈકોર્ટના ન્યાયાધીશની નિમણૂક અને તેના હોદ્દાની શરતો |
| 4 | 219 | હાઈકોર્ટના ન્યાયાધીશોએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| 5 | 223 | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક |
| 6 | 231 | બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ હાઈકોર્ટની(સંસદ દ્વારા) સ્થાપના |

## ➤ વિશ્વનો સૌથી ઊંચો ગર્ડર બ્રિજ


ભારતના પૂર્વોત્તર રાજ્ય **મણિપુર**માં **વિશ્વનો સૌથી ઊંચો ગર્ડર બ્રિજ** બની રહયો છે.

- મણિપુરમાં **ઈજાઈ** નામની **નદી** પર બની રહેલા વિશ્વના સૌથી ઊંચા આ ગર્ડર બ્રિજમાં તેના સૌથી ઊંચા પિલરની ઊંચાઈ **141 મીટર** હશે.
- જ્યારે **યુરોપ**ના **મોંટેનેગ્રો** પાસે આવેલા હાલના વિશ્વના સૌથી ઊંચા ગર્ડર બ્રિજમાં તેના સૌથી ઊંચા પિલરની ઊંચાઈ **139 મીટર** છે.

### જિરિબામ-તુપુલ-ઈમ્ફાલ રેલવે નેટવર્ક

મણિપુરમાં હાલ વાયા **તુપુલ** થઈને **જિરિબામ-ઈમ્ફાલ** વચ્ચે આશરે રૂ. 13,000 કરોડના ખર્ચે **111 કિ.મી.** લાંબા રેલવે ટ્રેકનું નિર્માણ થઈ રહ્યું છે.

- જિરિબામ–તુપુલ–ઈમ્ફાલ નામના આ રેલવે ટ્રેક અંતર્ગત **મણિપુરમાં નોને** પાસે **નોને-જિરિબામ** વચ્ચે વિશ્વનો સૌથી ઊંચો આ ગર્ડર બ્રિજ બની રહયો છે.
- આ બ્રિજનું પ્રોજેક્ટ નામ **બ્રિજ નંબર 164** છે.



**નોંધ :** (1) જિરિબામ–ઈમ્ફાલ વચ્ચે બની રહેલા આ રેલ નેટવર્કમાં આશરે 45 જેટલી સુરંગો હશે. તેમાંથી **સુરંગ નંબર 12** ભારતના પૂર્વોત્તર રાજ્યોની સૌથી લાંબી સુરંગ હશે.
(2) જિરિબામ–ઈમ્ફાલ વચ્ચેના આ રેલ નેટવર્કથી જિરિબામ અને ઈમ્ફાલ વચ્ચે રોડ માર્ગેથી જવા માટે હાલ લાગતો સમય 8 કલાકથી ઘટીને રેલ માર્ગે 2 કલાક થઈ જશે.

## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં પ્રસિદ્ધ અભિનેતા શ્રી કાદરખાનનું નિધન થયું છે તેઓ નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા ન હતા ?<br>(A) ફિલ્મ અભિનય (B) ફિલ્મ ડાયલોગ રાઈટિંગ<br>(C) શિક્ષણ (D) ઉપરોક્ત ત્રણેય ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા | (D) |
| 2. | તાજેતરમાં પ્રસિદ્ધ અભિનેતા શ્રી કાદરખાનનું નિધન થયું છે. તેમનો જન્મ કયાં થયો હતો ?<br>(A) ટોરોન્ટો (B) લખનૌ (C) હૈદરાબાદ (D) કાબુલ | (D) |
| 3. | પ્રસિદ્ધ અભિનેતા શ્રી કાદરખાનના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?<br>(A) તેમણે 1973માં 'દાગ' ફિલ્મમાં વકીલની ભૂમિકા ભજવીને હિન્દી ફિલ્મોમાં અભિનેતા તરીકેની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.<br>(B) તેઓ ઈતિહાસના પ્રોફેસર હતા.<br>(C) તેમણે 'જવાની દિવાની' ફિલ્મથી સ્ક્રીપ્ટ રાઈટર તરીકેની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.<br>(D) તેમણે કેનેડાની નાગરિકતા સ્વીકારી હતી. | (B) |
| 4. | હિન્દી ફિલ્મોના પ્રસિદ્ધ અભિનેતા શ્રી કાદરખાનને એનાયત થયેલા પુરસ્કારોમાં નીચેનામાંથી કયા પુરસ્કારનો સમાવેશ થતો નથી ?<br>(A) સાહિત્ય શિરોમણી એવોર્ડ 2013 (B) પદ્મ ભૂષણ 2011<br>(C) ફિલ્મ ફેર એવોર્ડ 1993 (D) ફિલ્મ ફેર એવોર્ડ 1991 | (B) |
| 5. | તાજેતરમાં નિમણૂક પામેલા તેલંગણા હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશનું નામ શું છે ?<br>(A) શ્રી ટી. બી. રાધાકૃષ્ણન (B) શ્રી સી. પ્રવિણકુમાર<br>(C) શ્રી ઈ.એસ.એલ. નરસિમ્હન (D) શ્રી આર. એસ. પુરોહિત | (A) |
| 6. | 1 જાન્યુઆરી, 2019ના રોજ નવી રચાયેલી ભારતની 25મી હાઈકોર્ટ આંધ્રપ્રદેશના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી આર. કે. સિન્હા (B) શ્રી આર. કે. ગુપ્તા<br>(C) શ્રી સી. પ્રવિણ કુમાર (D) શ્રી આર. મંગલમ રાજુ | (C) |
| 7. | ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે ?<br>(A) અનુચ્છેદ 214 (B) અનુચ્છેદ 219<br>(C) અનુચ્છેદ 223 (D) અનુચ્છેદ 231 | (C) |
| 8. | તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં વિશ્વના સૌથી ઊંચા ગર્ડર બ્રિજનું નિર્માણ થઈ રહ્યું છે ?<br>(A) મેઘાલય (B) મણિપુર (C) મિઝોરમ (D) ત્રિપુરા | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**3 JANUARY, 2019 THURSDAY**

## ➤ બિન અનામત વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદામાં વધારો

ગુજરાતમાં બિન અનામત કક્ષામાં આવતા શિક્ષિત યુવાનો માટે સહાય મેળવવા માટેની વાર્ષિક આવક મર્યાદા અગાઉ રૂપિયા 3 લાખ હતી.

- આ આવક મર્યાદા હવે રૂપિયા 3 લાખથી વધારીને રૂપિયા 4.50 લાખ કરવામાં આવી છે.

### વિદેશ સહાય માટેની આવક મર્યાદા

ગુજરાત સરકાર દ્વારા બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા માટે સાદા વ્યાજની રૂ. 15 લાખની લોન આપવામાં આવે છે.

- આ સહાય મેળવવા માટે વાર્ષિક આવક મર્યાદા અગાઉ રૂ. 4.50 લાખ હતી. જે વધારીને હવે રૂ. 6 લાખ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક સ્પર્ધામાં વહેલી શરૂઆત... એટલે જ વિજય
જનરલ બેચ
ગુજરાત સરકારની તમામ ભરતીઓ માટે
આપની સફળતાને નિશ્ચિત કરતી 6 મહિનાની 'સ્પેશિયલ એડવાન્સ બેચ'
2012 - 18 1237+ સફળ ઉમેદવાર
ફ્રી ટ્રાયલ લેક્ચર
નવી બેચ શરૂ
10 Mega Test Paper
સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો ઊંડાણપૂર્વકનો પાયાની સમજથી અભ્યાસ.
સ્પર્ધાત્મક પરીક્ષાની નિષ્ણાતો દ્વારા અભ્યાસ
પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
ગુજરાતી, ENGLISH, ગણિત અને સામાન્ય જ્ઞાનના 15 થી વધુ વિષયોની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા
ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ
32 Weekly Test Paper on OMR
MEGA TEST SERIES ON OMR SHEET

## ➤ કેરળના સબરીમાલા મંદિરમાં બે મહિલાઓએ પ્રવેશી ઈતિહાસ રચ્યો



કેરળના પ્રસિદ્ધ સબરીમાલા મંદિરમાં આશરે 800 વર્ષથી 10થી 50 વર્ષની મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ હતો.

- જોકે, તાજેતરમાં 28 સપ્ટેમ્બર, 2018ના રોજ સુપ્રીમ કોર્ટે આ પ્રતિબંધ હટાવી લીધો હતો અને આ મંદિરમાં દરેક વય જૂથની મહિલાઓને પ્રવેશવાની અને પૂજા કરવાની છૂટ આપી હતી.
- સુપ્રીમ કોર્ટના આ નિર્ણયનો કેરળમાં વ્યાપક વિરોધ થયો હતો અને આ વિરોધને કારણે સુપ્રીમ કોર્ટનો આદેશ હોવા છતાં 10થી 50 વર્ષની કોઈ મહિલા સબરીમાલા મંદિરમાં પ્રવેશ કરી શકતી ન હતી.
- આથી, સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશના સમર્થનમાં કેરળમાં 1 જાન્યુઆરી, 2019ના રોજ આશરે 50 લાખ જેટલી મહિલાઓએ 'Vanitha Mathil' નામથી લગભગ 620 કિમી લાંબી માનવ સાંકળ રચી હતી.
- ત્યારબાદ 2 જાન્યુઆરી, 2019ના રોજ 44 વર્ષની કનકદુર્ગા અને 42 વર્ષીય બિન્દુ નામની બે મહિલાઓએ પોલીસ સંરક્ષણ હેઠળ સબરીમાલા મંદિરમાં પ્રવેશ કરીને ઈતિહાસ રચ્યો છે.
- જોકે, આ મહિલાઓના મંદિર પ્રવેશના વિરોધમાં કેટલાક સંગઠનો દ્વારા 3 જાન્યુઆરી, 2019ના રોજ કેરળ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. અને આ બંધ દરમિયાન કેરળમાં વ્યાપક હિંસા થઈ હતી.

### સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ પર શા માટે પ્રતિબંધ હતો ?

સબરીમાલામાં ભગવાન અયપ્પનનું મંદિર આવેલું છે.

- એવું કહેવાય છે કે ભગવાન અયપ્પન બ્રહ્મચારી હતા. આથી, આ મંદિરમાં 10થી 50 વર્ષની રજસ્વલા મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ હતો.

### સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચે આ પ્રતિબંધ હટાવી લીધો હતો ?

તત્કાલીન ચીફ જસ્ટિસ શ્રી દિપક મિશ્રાના વડપણ હેઠળની સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેન્ચે ચાર વિરુદ્ધ એક મતથી 28 સપ્ટેમ્બર, 2018ના રોજ સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ પરનો પ્રતિબંધ હટાવી લીધો હતો.

- જેમાં ચીફ જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ આર. એફ. નરિમાન, જસ્ટિસ એ. એમ. ખાનવિલકર અને જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડે પ્રતિબંધની તરફેણમાં મત આપ્યો હતો.
- જ્યારે મહિલા જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાએ આ ચુકાદાની વિરુદ્ધમાં પોતાનો મત આપ્યો હતો.

### કોની અરજીના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો ?

પાંચ મહિલા વકીલોનાં ઈન્ડિયન યંગ લોયર્સ એસોસિયેશનની અરજીના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સબરીમાલા મંદિર

પ્રસિદ્ધ સબરીમાલા મંદિર કેરળના પઠાણમથિટ્ટા જિલ્લામાં કેરળના પેરિયાર ટાઈગર અભયારણ્યમાં આવેલું છે.

- મલયાલમ ભાષામાં 'સબરીમાલા'નો અર્થ 'પર્વત' થાય છે.
- સબરીમાલા મંદિર સહ્યાદ્રિ પર્વતમાળામાં 18 પર્વતોની વચ્ચે આવેલું છે.
- દક્ષિણ ભારતમાં શૈવ અને વૈષ્ણવ પંથો વચ્ચે મતભેદ દૂર કરવા માટે આ ભગવાન અયપ્પનનું મંદિર બનાવવામાં આવ્યું હતું એવું કહેવાય છે.
- એક એવી પણ માન્યતા છે કે આ સબરીમાલા મંદિરમાં શ્રી પરશુરામે ભગવાન અયપ્પનની પૂજા માટે મૂર્તિની સ્થાપના કરી હતી.

**નોંધ :** (1) દર વર્ષે આવતા તીર્થયાત્રીઓની સંખ્યાની દષ્ટિએ સબરીમાલા મંદિર વિશ્વનું સૌથી મોટું તીર્થસ્થળ છે. અહીં દર વર્ષે 1.7 કરોડથી 5 કરોડ જેટલા શ્રદ્ધાળુઓ આ મંદિરમાં દર્શન માટે આવે છે.

(2) સબરીમાલા મંદિરનું નામ 'સબરીમાલા શ્રીધર્મષષ્ઠ મંદિર' છે.

(3) સબરીમાલા મંદિરના પ્રાંગણમાં ભગવાન અયપ્પન ઉપરાંત માલિકાપુરત્ત અમ્મા, ભગવાન ગણેશ અને શ્રી નાગરાજા જેવા અન્ય દેવતાઓની પણ મૂર્તિઓ છે. ®

(4) પૂજા માટે આ મંદિરના દ્વાર ફક્ત નીચેના દિવસોમાં જ ખોલવામાં આવે છે :

(i) મંડલપૂજા (આશરે 15 નવેમ્બરથી 26 ડિસેમ્બર)

(ii) મકરવિલાકુ અથવા મકરસંક્રાંતિ (14 જાન્યુઆરી)

(iii) મહા વિષુવ સંક્રાંતિ (14 એપ્રિલ) અને

(iv) દરેક મલયાલમ મહિનાના પહેલા પાંચ દિવસે

બાકીના દિવસોમાં સામાન્ય લોકો માટે આ મંદિરના દ્વાર બંધ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ દેના-બરોડા-વિજયા બેંકના મર્જરને કેબિનેટની મંજૂરી




દેના બેંક, બેંક ઓફ બરોડા અને વિજયા બેંકના જોડાણને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી દીધી છે.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં 2 જાન્યુઆરી, 2019ના રોજ નવી દિલ્હી ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.
- આ અંતર્ગત ભારતમાં પહેલી વખત ત્રણ બેંકોનો વિલય થશે.
- વિલય બાદ આ બેંક SBI બાદ ભારતની બીજા નંબરની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક બની જશે.
- આ ઉપરાંત આ બેંક SBI અને HDFC બાદ ભારતની ત્રીજા નંબરની સૌથી મોટી બેંક હશે.

### મર્જરની વિશેષતા

(1) દેનાબેંક અને વિજયા બેંકનો બેંક ઓફ બરોડામાં વિલય થશે.

(2) દેના બેંક અને વિજયા બેંકનો બેંક ઓફ બરોડામાં વિલય બાદ નવી રચાનારી બેંક 'બેંક ઓફ બરોડા' તરીકે જ ઓળખાશે.

(3) આ યોજના 1 એપ્રિલ, 2019થી અમલમાં આવશે.

## મર્જરના લાભ




ત્રણ બેંકોના આ મર્જરથી નવી બેંક દેશના ભાવિ આર્થિક પડકારોને પહોંચી વળવા માટે સક્ષમ બનશે.

- બેંકોનો સંચાલન ખર્ચ ઘટશે અને ગ્રાહકોને વધુ સારી સેવા ઉપલબ્ધ થશે.

## ત્રણ બેંકો વિશેની અગત્યની માહિતી

| ક્રમ | બેંકનું નામ | સ્થાપના | વડું મથક | રાષ્ટ્રીયકરણ | શાખાઓની અંદાજિત સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ઓફ બરોડા | 1908 | વડોદરા(ગુજરાત) | 1969 | 5502 |
| 2 | વિજયા બેંક | 1931 | બેંગાલુરૂ(કર્ણાટક) | 1980 | 2129 |
| 3 | દેના બેંક | 1938 | મુંબઈ (મહારાષ્ટ્ર) | 1969 | 1858 |

**નોંધ :**(1) મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ 20 જુલાઈ, 1908ના રોજ બેંક ઓફ બરોડાની સ્થાપના કરી હતી.

(2) વિજયા બેંકની સ્થાપના 23 ઓક્ટોબર, 1931ના રોજ કર્ણાટકના મેંગાલુરુમાં શ્રી એ. બી. શેટ્ટીની આગેવાની હેઠળના ખેડૂતોના એક જૂથે કરી હતી.

(3) વિજયાદશમીના દિવસે આ બેંકની સ્થાપના થઈ હોવાથી તે 'વિજયા બેંક' તરીકે ઓળખાઈ.


(4) શ્રી દેવકરણ નાનજી પરિવાર દ્વારા 'દેવકરણ નાનજી બેન્કિંગ કંપની'ના નામથી 26 મે, 1938ના રોજ દેના બેંકની સ્થાપના કરવામાં આવી હતી.

(5) Devkaran Nanjeeના નામ પરથી આ બેંકનું નામ Dena Bank રાખવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતને અનેક દિગ્ગજ ક્રિકેટરોની ભેટ ધરનાર ક્રિકેટના મહાન ગુરૂ શ્રી રમાકાંત આચરેકરનું નિધન

"અન્યોને ચિયર કરવા તારે અહીં આવવાની જરૂર નથી. તું જાતે એવું રમ કે અન્યો તને ચિયર કરે."



ભારતને અનેક દિગ્ગજ ક્રિકેટરોની ભેટ ધરનાર ક્રિકેટના મહાન ગુરૂ **શ્રી રમાકાંત આચરેકરનું** 2 જાન્યુઆરી, 2019ના રોજ **મુંબઇ** ખાતે નિધન થયું છે.

- તેમનો જન્મ **મહારાષ્ટ્રના** **માલવણ** ખાતે 1932માં થયો હતો.
- શ્રી રમાકાંત આચરેકરે ક્રિકેટ કોચ તરીકે શ્રી સચિન તેંડુલકર ઉપરાંત શ્રી વિનોદ કાંબલી, શ્રી પ્રવિણ આમરે, શ્રી અજિત આગરકર અને શ્રી ચંદ્રકાન્ત પંડિત જેવા અનેક ક્રિકેટરોને તાલીમ આપી હતી.
- તેમણે **મુંબઈના** **શિવાજી પાર્ક** ખાતે **કામથ મેમોરિયલ ક્રિકેટ કલબની** સ્થાપના કરી હતી.

### શ્રી રમાકાંત આચરેકરને એનાયત થયેલા એવોર્ડ

(1) દ્રોણાચાર્ય એવોર્ડ, 1990

(2) પદ્મ શ્રી, 2010 (શ્રીમતી પ્રતિભા પાટિલના હસ્તે)

(3) લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ, 2010 (શ્રી ગેરી કર્સ્ટનના હસ્તે)

**નોંધ :** શ્રી કૃણાલ પુરન્દરે નામના પત્રકારે શ્રી રમાકાંત આચરેકરના પ્રેરણાત્મક જીવન અંગે **'રમાકાંત આચરેકર : માસ્ટર બ્લાસ્ટર્સ માસ્ટર'** નામનું એક પુસ્તક લખ્યું છે.

## ICE Questions

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના બિન અનામત કક્ષામાં આવતા શિક્ષિત યુવાનોને સહાય મેળવવા માટેની વાર્ષિક આવક મર્યાદા રૂ. 3 લાખથી વધારીને કેટલી કરવામાં આવી છે ?

(A) 3.50 લાખ (B) 4 લાખ (C) 4.50 લાખ (D) 6 લાખ **(C)**

**2.** તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ અર્થે સહાય મેળવવા માટેની વાર્ષિક આવક મર્યાદા રૂ. 4.50 લાખથી વધારીને કેટલી કરવામાં આવી છે ?

(A) 5 લાખ (B) 5.50 લાખ (C) 6 લાખ (D) 6.50 લાખ **(C)**

**3.** તાજેતરમાં 2 જાન્યુઆરી, 2019ના રોજ કેરળના પ્રસિદ્ધ સબરીમાલા મંદિરમાં કઈ બે મહિલાએ પ્રવેશ કરીને ઈતિહાસ રચ્યો હતો ?

(A) શાન્તા અને કનકદુર્ગા (B) કનકદુર્ગા અને બિન્દુ

(C) કનકબિન્દુ અને દુર્ગા (D) કનકબિન્દુ અને શાન્તા **(B)**

**4.** તાજેતરમાં ચર્ચામાં રહેલ સબરીમાલા મંદિરના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. તે કેરળના પઠાણમથિટ્ટા જિલ્લામાં આવેલું છે.
2. તે કેરળના પેરિયાર ટાઈગર અભયારણ્યમાં આવેલું છે.
3. તે સહયાદ્રિ પર્વતમાળામાં 18 પર્વતોની વચ્ચે આવેલું છે.
4. મલયાલમ ભાષામાં 'સબરીમાલા'નો અર્થ 'ભગવાન' થાય છે.

Ans. : (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 2, 3 **(D)**

| | | |
|---|---|---|
| 5. | તાજેતરમાં ચર્ચામાં રહેલ સબરીમાલા મંદિરનું નામ શું છે ?<br>(A) સબરીમાલા મંદિર (B) સબરીમાલા શ્રીપદ્મ મંદિર<br>(C) સબરીમાલા શ્રીધર્મષષ્ઠ મંદિર (D) ત્રણમાંથી કઈ નહિ | (C) |
| 6. | તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા ત્રણ બેંકોના મર્જરની મંજૂરી આપવામાં આવી છે...આ ત્રણ બેંકોમાં નીચેનામાંથી કઈ બેંકનો સમાવેશ થતો નથી ?<br>(A) બેંક ઓફ બરોડા (B) બેંક ઓફ ઈન્ડિયા<br>(C) દેના બેંક (D) વિજયા બેંક | (B) |
| 7. | તાજેતરમાં 2 જાન્યુઆરી, 2019ના રોજ કોની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતની જાહેરક્ષેત્રની ત્રણ બેંકોના મર્જરની મંજૂરી આપવામાં આવી છે ?<br>(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી અરૂણ જેટલી<br>(C) શ્રી વેંકૈયા નાયડુ (D) શ્રી પિયૂષ ગોયેલ | (A) |
| 8. | દેના બેંક, વિજયા બેંક અને બેંક ઓફ બરોડાના મર્જર બાદ નવી બેંક કયા નામે ઓળખાશે ?<br>(A) દેના બેંક (B) બેંક ઓફ બરોડા<br>(C) ભારત બેંક (D) હિન્દુસ્તાન બેંક | (B) |
| 9. | તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા ત્રણ બેંકોના મર્જરને મંજૂરી આપવામાં આવી છે....મર્જરની આ યોજના કયારથી અમલમાં આવશે ?<br>(A) 1 માર્ચ, 2019 (B) 1 એપ્રિલ, 2019<br>(C) 1 મે, 2019 (D) 1 જૂન, 2019 | (B) |
| 10. | મહાન ક્રિકેટ કોચ શ્રી રમાકાંત આચરેકરનું તાજેતરમાં નિધન થયું છે...તેમણે કઈ ક્રિકેટ કલબની સ્થાપના કરી હતી ?<br>(A) આચરેકર ક્રિકેટ કલબ (B) કામથ મેમોરિયલ ક્રિકેટ કલબ<br>(C) છત્રપતિ શિવાજી મેમોરિયલ ક્રિકેટ કલબ (D) રમાકાંત ક્રિકેટ કલબ | (B) |
| 11. | મહાન ક્રિકેટ કોચ શ્રી રમાકાંત આચરેકરને નીચેનામાંથી કયો પુરસ્કાર એનાયત થયો ન હતો ?<br>(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ<br>(C) દ્રોણાચાર્ય (D) લાઈફટાઈમ અચિવમેન્ટ | (B) |
| 12. | પ્રસિદ્ધ ક્રિકેટ કોચ શ્રી રમાકાંત આચરેકરને દ્રોણાચાર્ય એવોર્ડ કયારે એનાયત થયો હતો ?<br>(A) 1985 (B) 1988 (C) 1990 (D) 1995 | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**4 JANUARY 2019 FRIDAY**

## ➤ દિવસ મહિમા : 4 જાન્યુઆરી, પ્રથમ વિશ્વ બ્રેઈલ દિન

તાજેતરમાં 4 જાન્યુઆરી, 2019ના રોજ સમગ્ર વિશ્વમાં પ્રથમ 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

- બ્રેઈલ લિપીના જનક શ્રી લુઈસ બ્રેઈલની યાદમાં તેમનો જન્મ દિન 4 જાન્યુઆરી 'વિશ્વ બ્રેઈલ દિન' તરીકે ઉજવવાની વર્ષ 2019થી શરૂઆત થઈ છે.
- આ માટે સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં 6 નવેમ્બર, 2018ના રોજ પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો હતો.

**નોંધ :** (1) શ્રી લુઈસ બ્રેઈલનો જન્મ 4 જાન્યુઆરી, 1809ના રોજ ફ્રાંસના કૂપ્રેમાં થયો હતો.
(2) શ્રી લુઈસ બ્રેઈલે અંધજનો આંગળીના સ્પર્શથી વાંચી શકે તે માટે બ્રેઈલ લિપીની શોધ કરી હતી.
(3) બાળપણમાં કોઈ દુર્ઘટનાને કારણે શ્રી લુઈસ બ્રેઈલને બંને આંખે દેખાવાનું બંધ થઈ ગયું હતું. આથી તેમણે લગભગ 15 વર્ષની ઉંમરે જ બ્રેઈલ લિપીનું મોટા ભાગનું કાર્ય પૂરું કરી નાખ્યું હતું.

## ➤ ગુજરાતના રાજકોટ ખાતે રૂ. 1200 કરોડના ખર્ચે એઈમ્સ હોસ્પિટલ સ્થપાશે

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાતના રાજકોટ ખાતે વિશ્વકક્ષાની અત્યાધુનિક સુવિધા ધરાવતી ગુજરાતની પ્રથમ એઈમ્સ હોસ્પિટલની સ્થાપના માટે 31 ડિસેમ્બર, 2018ના રોજ મંજૂરી આપી દીધી છે.

- આ અંતર્ગત રાજકોટ ખાતે આશરે રૂ. 1200 કરોડના ખર્ચે 800થી 1000 પથારીની સુવિધા ધરાવતી અત્યાધુનિક હોસ્પિટલ સ્થાપવામાં આવશે.
- ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે કરેલી જાહેરાત અનુસાર આ માટે ગુજરાત સરકાર દ્વારા જમીન વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

### એઈમ્સ હોસ્પિટલના લાભ

આ હોસ્પિટલના નિર્માણથી ગુજરાતમાં ગંભીર પ્રકારના રોગોમાં દર્દીઓને ઘરઆંગણે સ્પેશ્યાલિટી અને સુપર સ્પેશ્યાલિટી પ્રકારની સારવાર ઉપલબ્ધ થશે.

- આ એઈમ્સ હોસ્પિટલમાં મેડિકલ કોલેજની પણ સ્થાપના થશે અને સાથે–સાથે તબીબી સંશોધનો પણ થશે.
- રાજકોટ ખાતે સ્થપાનાર આ એઈમ્સ હોસ્પિટલનો લાભ સમગ્ર ગુજરાત સહિત પડોશી રાજ્ય રાજસ્થાનના દર્દીઓને પણ થશે.

### AIIMS

AIIMSનું પૂરું નામ All India Institutes of Medical Sciences છે.

- એઈમ્સને સંસદના એક કાયદા દ્વારા 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા' તરીકે જાહેર કરવામાં આવી છે.
- ભારતમાં સૌપ્રથમ દિલ્હીમાં 1956માં એઈમ્સની સ્થાપના થઈ હતી.
- ત્યારબાદ વર્ષ 2012માં 6 એઈમ્સની સ્થાપના કરવામાં આવી હતી.
- જ્યારે વર્ષ 2018માં આંધ્રપ્રદેશના મંગલગિરી અને મહારાષ્ટ્રના નાગપુર ખાતે એઈમ્સની સ્થાપના કરવામાં આવી છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ 2022 સુધીમાં ભારતના તમામ રાજ્યોમાં એક – એક એઈમ્સ સ્થાપવાની વિચારણા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) 1 ફેબ્રુઆરી, 2017ના રોજ બજેટ ભાષણમાં શ્રી અરૂણ જેટલીએ ઝારખંડ અને ગુજરાતમાં એઈમ્સની સ્થાપનાની જાહેરાત કરી હતી.

(2) તાજેતરમાં 17 ડિસેમ્બર, 2018ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા તમિલનાડુના મદુરાઈ અને તેલંગણાના બિબિનગર ખાતે બે નવી એઈમ્સ સ્થાપવાની મંજૂરી આપવામાં આવી છે.

(3) રાજકોટ એઈમ્સ માટે ખંડેરી અથવા તો ખંડેરી અને પરાપીપળીયા ગામ નજીક સરકારી ખરાબામાંથી ગુજરાત સરકાર દ્વારા મફતમાં જમીન ફાળવવામાં આવશે.

(4) રાજકોટ ખાતે સ્થપાનાર એઈમ્સ હોસ્પિટલનો તમામ ખર્ચ કેન્દ્ર સરકાર આપશે.

(5) ભારતમાં એઈમ્સની સ્થાપનાનો વિચાર ભારતના પ્રથમ આરોગ્યમંત્રી રાજકુમારી અમૃતા કૌરે આપ્યો હતો.

## ➤ Chang'e4

3 જાન્યુઆરી, 2019ના રોજ ચીનના અવકાશયાન 'ચેંગ ઈ-4' એ ચંદ્રની અંધકારભરી ભૂમિ પર સફળતાપૂર્વક ઉતરાણ કર્યું છે.



- આ સાથે જ ચંદ્રની અંધકારભરી ભૂમિ પર અવકાશયાન મોકલનાર ચીન વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.
- ચંદ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે, માટે સૂર્ય પ્રકાશ ચંદ્ર પર પડે ત્યારે તેનો મહત્તમ 60 ટકા ભાગ જ પૃથ્વી પરથી દેખાય છે. બાકીનો ભાગ કાયમ પૃથ્વી પરથી અદૃશ્ય રહે છે.
- ચીને પૃથ્વી પરથી ન દેખાતા આ અંધારિયા ભાગ પર પોતાનું અવકાશયાન ઉતાર્યું છે.
- આ માટે ચીન દ્વારા Long March 3 B નામના રોકેટ દ્વારા 7 ડિસેમ્બર, 2018ના રોજ ચીનના ઝિચાંગ સેટેલાઈટ લોન્ચ સેન્ટર ખાતેથી આ અવકાશયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

1. તાજેતરમાં કયા દિવસે પ્રથમ 'વિશ્વ બ્રેઈલ દિન' અથવા તો પ્રથમ 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ? **(D)**
   (A) 1 જાન્યુઆરી (B) 2 જાન્યુઆરી (C) 3 જાન્યુઆરી (D) 4 જાન્યુઆરી

2. વર્ષ 2019થી કોનો જન્મદિન 'વિશ્વ બ્રેઈલ દિન' તરીકે ઉજવવાની શરૂઆત થઈ છે ? **(C)**
   (A) શ્રીમતી હેલન કેલર (B) શ્રી રે ચાર્લ્સ (C) શ્રી લુઈસ બ્રેઈલ (D) શ્રી સ્ટીવ વન્ડર

3. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના કયા શહેરમાં નવી એઈમ્સ સ્થાપવાની મંજૂરી આપવામાં આવી છે ? **(B)**
   (A) વડોદરા (B) રાજકોટ (C) અમદાવાદ (D) સુરત

4. તાજેતરમાં 31 ડિસેમ્બર, 2018ના રોજ ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા ગુજરાતના રાજકોટ ખાતે એઈમ્સની સ્થાપનાની મંજૂરી આપવામાં આવી છે ? **(C)**
   (A) નીતિ આયોગ (B) આયુષ મંત્રાલય
   (C) આરોગ્ય અને પરિવાર કલ્યાણ (D) ત્રણમાંથી કોઈ નહિ

| | | |
|---|---|---|
| 5. | AIIMSનું પૂરું નામ શું છે ?<br>(A) All India Institutes of Medical Sciences (B) All India Industrys of Medical Sciences<br>(C) All India Institutes of Medical Sources (D) ત્રણમાંથી કોઈ નહિ | (A) |
| 6. | ભારતમાં સૌપ્રથમ એઈમ્સની સ્થાપના કયાં થઈ હતી ?<br>(A) મુંબઈ (B) દિલ્હી (C) કોલકાતા (D) બેંગાલુરૂ | (B) |
| 7. | ભારતમાં દિલ્હી ખાતે પ્રથમ એઈમ્સની સ્થાપના કયારે થઈ હતી ?<br>(A) 1952 (B) 1954 (C) 1956 (D) 1958 | (C) |
| 8. | તાજેતરમાં ચંદ્રના અંધારિયા ભાગ પર ઉતરેલા ચીનના અવકાશયાનનું નામ શું છે ?<br>(A) ચાંગ ઈ 4 (B) ચાંગ એ 4 (C) ચીંગ ઈ 4 (D) ચીંગ એ 4 | (A) |

## 5 JANUARY 2019 SATURDAY

### ➤ Asia Reassurance Initiative Act (ARIA)

તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે 'એશિયા રિઅશ્યોરન્સ ઈનિશિએટિવ એક્ટ (ARIA)' પર હસ્તાક્ષર કર્યા છે.

- આ એક્ટ અંતર્ગત અમેરિકા આગામી પાંચ વર્ષ માટે એશિયા અથવા તો ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં પોતાના સહયોગ દેશો સાથે વ્યૂહાત્મક સંબંધો મજબૂત બનાવવા માટે 1.5 બિલિયન અમેરિકન ડોલરનો ખર્ચ કરશે.
- આ એક્ટ અંતર્ગત અમેરિકાએ ભારતને ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં પોતાનું મહત્ત્વનું ભાગીદાર બનાવ્યું છે.
- ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં ચીનની આક્રમક નીતિઓ તથા ચીન તરફથી વધી રહેલા પડકારોની સામે ભારત–અમેરિકા માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ આ એક્ટ ખૂબ જ અગત્યનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ 106th Indian Science Congress 2019




તાજેતરમાં 3 થી 7 જાન્યુઆરી, 2019 દરમિયાન ભારતમાં પંજાબના જાલંધર ખાતે લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીમાં 106મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું આયોજન થયું હતું.

**106મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું ઉદ્‌ઘાટન**

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પાંચ દિવસિય 'ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- જેમાં તેમણે 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન, જય અનુસંધાન (સંશોધન)'નો નવો નારો આપ્યો છે.

**આ વિજ્ઞાન કોંગ્રેસની થીમ શું છે ?**

આ વિજ્ઞાન કોંગ્રેસની થીમ 'ભાવિ ભારત : વિજ્ઞાન અને ટેક્નોલોજી' (FUTURE INDIA: science and technology) હતી.

### બાલ વિકાસ કોંગ્રેસ 2019

પંજાબમાં જાલંધરની લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીમાં ઈઝરાયેલના નોબેલ પુરસ્કાર વિજેતા **શ્રી એવરામ હર્શકો** અને **અમેરિકા**ના નોબેલ પુરસ્કાર વિજેતા **શ્રી એફ. ડંકન એમ. હોલ્ડને** **'રાષ્ટ્રીય બાલ વિકાસ કોંગ્રેસ-2019'**નું ઉદ્ઘાટન કર્યું હતું.

### ટાઈમ કેપ્સ્યૂલ

આ 106મી ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસમાં **ઈઝરાયેલ**ના નોબેલ પુરસ્કાર વિજેતા **શ્રી એવરામ હર્શકો** અને **અમેરિકા**ના નોબેલ પુરસ્કાર વિજેતા **શ્રી એફ. ડંકન એમ. હોલ્ડને** એક **ટાઈમ કેપ્સ્યૂલ** જમીનમાં દાટી હતી.

- ભારતની વર્તમાન ટેક્નોલોજી વિશે **100 વર્ષ બાદ** પણ માહિતી મળી રહે તે માટે **દસ ફૂટ નીચે જમીન**માં આ ટાઈમ કેપ્સ્યૂલ દાટવામાં આવી છે.
- આ ટાઈમ કેપ્સ્યૂલને **100 વર્ષ બાદ** **3 જાન્યુઆરી, 2119**ના રોજ ખોલવામાં આવશે.
- આ ટાઈમ કેપ્સ્યૂલમાં ભારતની વર્તમાન આધુનિક ટેક્નોલોજીનું પ્રતિનિધિત્વ કરતી મંગળયાન, બ્રહ્મોસ મિસાઈલ વગેરેની પ્રતિકૃતિ તથા લેપટોપ, સ્માર્ટ ફોન વગેરે જેવી 100 વસ્તુઓને દાટવામાં આવી છે.

**નોંધ :** (1) **લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ** દ્વારા આ ટાઈમ કેપ્સ્યૂલ તૈયાર કરવામાં આવી હતી.
(2) **પ્રથમ ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ**નું આયોજન **1914**માં **કોલકાતા** ખાતે થયું હતું.
(3) તાજેતરમાં યોજાયેલી **106**મી ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસના જનરલ પ્રેસિડન્ટ **ડો. મનોજ ચક્રવર્તી** હતા.
(4) વર્ષ **2020**માં **બેંગાલુરુ** ખાતે **107મી** ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ યોજાશે.
(5) ભારતમાં વિજ્ઞાનના વિકાસ અંગે ચર્ચા વિચારણા કરવા માટે સામાન્ય રીતે **દર વર્ષે જાન્યુઆરી મહિનાના પ્રથમ વીક**માં આ કોંગ્રેસનું આયોજન કરવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ આકાંક્ષી જિલ્લા કાર્યક્રમનો બીજો ડેલ્ટા રેન્કિંગ જાહેર

તાજેતરમાં નીતિ આયોગ દ્વારા **આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ** અંતર્ગતનો **બીજો ડેલ્ટા રેન્કિંગ** જાહેર કરવામાં આવ્યો છે.

- આ રેન્કિંગ જૂનથી ઓક્ટોબર, 2018 દરમિયાન છ મુખ્ય ક્ષેત્રોમાં વિકાસ અંગે જિલ્લાઓએ શું પ્રગતિ કરી છે તે દર્શાવે છે.
- આ બીજા ડેલ્ટા રેન્કિંગમાં **તમિલનાડુ**નો **વિરુધુનગર જિલ્લો** **પ્રથમ** ક્રમે છે.

### આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ શું છે ?

ભારતમાં નવા ભારતના લક્ષ્યને હાંસલ કરવા માટે ભારતના **સૌથી પછાત જિલ્લાઓ**ના વિકાસ માટે ભારત સરકાર દ્વારા એક કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

- આ જિલ્લાઓને **આકાંક્ષી જિલ્લા (Aspirational Districts)** તરીકે ઓળખવામાં આવે છે.

### ઉદ્દેશ

આ કાર્યક્રમનો ઉદ્દેશ **ભારતના સૌથી વધુ અલ્પ વિકસિત જિલ્લાઓમાં ઝડપથી બદલાવ લાવવાનો** છે.

### સ્લોગન

આ કાર્યક્રમનું સ્લોગન **'Convergence, Collaboration, Competition'** છે.

**ભારતના કેટલા જિલ્લાઓનો તેમાં સમાવેશ થયો છે ?**

આ કાર્યક્રમ અંતર્ગત ભારતના નકસલ પ્રભાવિત 35 જિલ્લાઓ સહિત કુલ 115 જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**આકાંક્ષી જિલ્લાઓમાં ગુજરાતના કયા જિલ્લાનો સમાવેશ થયો છે ?**

આ આકાંક્ષી જિલ્લાઓમાં ગુજરાતના દાહોદ અને નર્મદા એમ કુલ બે જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**નોંધ :** ભારત સરકાર દ્વારા Transformation of Aspirational District Programની જાહેરાત જાન્યુઆરી, 2018 દરમિયાન કરવામાં આવી હતી.

## ICE Questions

| | |
|---|---|
| 1. તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે સાઈન કરેલા કયા એક્ટ અંતર્ગત અમેરિકા ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં 1.5 બિલિયન અમેરિકન ડોલરનો ખર્ચ કરશે ?<br>(A) એશિયા રિઅશ્યોરન્સ ઈનિશિએટિવ એક્ટ (ARIA)<br>(B) એશિયા રિસ્ટ્રીક્શન ઈનિશિએટિવ એક્ટ (ARIA)<br>(C) એશિયા રિહેબિલેશન ઈનિશિએટિવ એક્ટ (ARIA)<br>(D) એશિયા રિયાલિટી ઈનિશિએટિવ એક્ટ (ARIA) | (A) |
| 2. તાજેતરમાં 3 થી 7 જાન્યુઆરી, 2019 દરમિયાન ભારતમાં કેટલામી 'ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ'નું આયોજન થયું હતું ?<br>(A) 105મી (B) 106મી (C) 107મી (D) 108મી | (B) |
| 3. તાજેતરમાં ભારતમાં 106મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું આયોજન કયાં થયું હતું ?<br>(A) લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, લુધિયાણા (પંજાબ)<br>(B) લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, અમૃતસર (પંજાબ)<br>(C) લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, જાલંધર (પંજાબ)<br>(D) લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, ગુરદાસપુર (પંજાબ) | (C) |
| 4. તાજેતરમાં પંજાબના જાલંધર ખાતે યોજાયેલી 106મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું ઉદઘાટન કોણે કર્યું હતું ?<br>(A) શ્રી એવરામ હર્શકો (B) શ્રી રામનાથ કોવિંદ<br>(C) શ્રી એફ. ડંકન એમ. હોલ્ડન (D) શ્રી નરેન્દ્રભાઈ મોદી | (D) |
| 5. તાજેતરમાં જાન્યુઆરી 2019 દરમિયાન પંજાબના જાલંધર ખાતે યોજાયેલ 106મી ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસની થીમ શું હતી ?<br>(A) Science for shaping the future of India (B) Future India-Science and Technology<br>(C) Science in India : excellence and Accountability<br>(D) Science in India | (B) |
| 6. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલા બીજા ડેલ્ટા રેન્કિંગમાં કયો જિલ્લો પ્રથમ ક્રમે છે ?<br>(A) દાહોદ, ગુજરાત (B) જાલંધર, પંજાબ<br>(C) વિઝુપુરમ, તમિલનાડુ (D) વિરુધુનગર, તમિલનાડુ | (D) |
| 7. ભારત સરકારના આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના કયા જિલ્લાનો સમાવેશ થયો છે ?<br>(A) દાહોદ અને પંચમહાલ (B) ડાંગ અને પંચમહાલ<br>(C) નર્મદા અને ડાંગ (D) દાહોદ અને નર્મદા | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ બે ઐતિહાસિક ગુરુદ્વારાના વિકાસ કામોનું ખાતમુહૂર્ત

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રૂ. 10 કરોડના ખર્ચે ગુજરાતમાં લખપત અને બેટ દ્વારકા ખાતે આવેલા બે ઐતિહાસિક ગુરુદ્વારાના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું છે.

### ➤ પ્રોપર્ટી એક્સ્પો એન્ડ શોકેસ - 2019

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ ખાતેથી 'પ્રોપર્ટી એક્સ્પો એન્ડ શોકેસ 2019'નો શુભારંભ કરાવ્યો છે.

### ➤ ગરીબ કલ્યાણ મેળાની 11મી કડીનો પોરબંદરથી પ્રારંભ

તાજેતરમાં 3 જાન્યુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના પોરબંદર ખાતેથી રાજ્ય વ્યાપી ગરીબ કલ્યાણ મેળાની 11મી કડીનો પ્રારંભ કરાવ્યો છે. ભારતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 ડિસેમ્બર, 2009ના રોજ અમરેલી ખાતેથી ગુજરાતમાં 'ગરીબ કલ્યાણ મેળા'નો પ્રારંભ કરાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

### ➤ Direct tax-GDP Ratio

નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર વર્ષ 2017-18 દરમિયાન ભારતનો પ્રત્યક્ષ કર-GDP રેશિયો 5.98 રહ્યો છે. જે છેલ્લા દસ વર્ષમાં સૌથી વધુ છે. આ વધારો ભારતમાં પ્રત્યક્ષ કરની આવકમાં થયેલો વધારો સૂચવે છે.

### ➤ તાનસેન પુરસ્કાર 2018

મધ્યપ્રદેશ સરકાર દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ સિતારવાદક શ્રીમતી મંજુ મહેતાને વર્ષ 2018નો તાનસેન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. મધ્યપ્રદેશ સરકાર દ્વારા સંગીતના ક્ષેત્રમાં યોગદાન માટે આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ➢ ભીમા કોરેગાંવ યુદ્ધની 201મી વર્ષગાંઠ

1 જાન્યુઆરી, 1818ના રોજ મહારાષ્ટ્રના પૂણે જિલ્લાના ભીમા કોરેગાંવ ખાતે પેશવા અને અંગ્રેજો વચ્ચે એક યુદ્ધ થયું હતું. જેમાં અંગ્રેજો સામે પેશવાઓનો પરાજય થયો હતો. આ યુદ્ધની 1 જાન્યુઆરી, 2019ના રોજ 201મી વર્ષગાંઠ હતી.

## ➢ Samwad with students

તાજેતરમાં ઈસરો દ્વારા બેંગાલુરુ ખાતેથી 'વિદ્યાર્થીઓ સાથે સંવાદ' (Samwad with students) નામથી એક મંચની શરૂઆત કરવામાં આવી છે. આ મંચનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં નાના બાળકોમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ વિકસાવવાનો છે.

## ➢ ભારતનું પ્રથમ સંગીત મ્યુઝિયમ

તમિલનાડુના તિરુવૈયરુ ખાતે કેન્દ્ર સરકારની સહાયતાથી ભારતનું પ્રથમ સંગીત મ્યુઝિયમ શરૂ કરવામાં આવશે. તિરુવૈયરુ ખાતે કર્ણાટક સંગીતના ત્રણ મહાન સંગીતકારોમાંના એક સંત ત્યાગરાજનો જન્મ થયો હતો.

## ➢ Agreement of Prohibition of Attacks Against Nuclear Instalations And Facilities

તાજેતરમાં 1 જાન્યુઆરી, 2019ના રોજ ભારત અને પાકિસ્તાને એક બીજાના પરમાણુ સંસ્થાનોના લિસ્ટની આપ–લે કરી છે. ઉપરોક્ત સમજૂતી અનુસાર કરવામાં આવેલા કરાર મુજબ ભારત અને પાકિસ્તાન એક બીજાની પરમાણુ સંસ્થાનો પર હુમલો નહિ કરે. આ કરારને 'નોન-ન્યુક્લીયર આક્રમણ સમજૂતી' તરીકે પણ ઓળખવામાં આવે છે. 31 ડિસેમ્બર, 1988ના રોજ આ સમજૂતી પર હસ્તાક્ષર થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વિશ્વ

## ➢ 'ન્યુ હોરાઈઝન્સ' અવકાશયાન

અમેરિકાની અવકાશ સંસ્થા નાસાનું 'ન્યુ હોરાઈઝન્સ' નામનું અવકાશયાન તાજેતરમાં પૃથ્વીથી 6.25 અબજ કિલોમીટર દૂર આવેલા 'અલ્ટીમા થૂલે' નામના અવકાશી પદાર્થ પાસેથી પસાર થયું હતું. આ સાથે જ 'ન્યુ હોરાઈઝન્સ' બ્રહ્માંડમાં અત્યાર સુધી સૌથી દૂરના અવકાશી પદાર્થ પાસેથી પસાર થનાર પ્રથમ અવકાશયાન બની ગયું છે.

## ➢ અમેરિકા અને ઈઝરાયેલ યુનેસ્કોમાંથી બહાર

અગાઉથી કરેલી જાહેરાત અનુસાર 1 જાન્યુઆરી, 2019થી અમેરિકા અને ઈઝરાયેલ યુનેસ્કોમાંથી બહાર થઈ ગયા છે. યુનેસ્કો દ્વારા ઈઝરાયેલ વિરુદ્ધ પૂર્વગ્રહ રાખવામાં આવે છે એવો આરોપ મૂકીને આ બંને દેશો યુનેસ્કોથી અલગ થઈ ગયા છે.

## ICE Questions

- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કઈ જગ્યાએ આવેલા બે ઐતિહાસિક ગુરુદ્વારાના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું છે ? – લખપત અને બેટદ્વારકા
- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'પ્રોપર્ટી એક્સ્પો એન્ડ શોકેસ 2019'નો ક્યાંથી શુભારંભ કરાવ્યો હતો ? – રાજકોટ
- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રૂ. 84.96 કરોડના ખર્ચે બનનાર રીજીયોનલ સાયન્સ મ્યુઝિયમનું ક્યાંથી ખાતમુહૂર્ત કર્યું છે ? – ભૂજ
- તાજેતરમાં 3 જાન્યુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય વ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો ક્યાંથી શુભારંભ કરાવ્યો હતો ? – પોરબંદર
- તાજેતરમાં 3 જાન્યુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગરીબ કલ્યાણ મેળાની કેટલામી કડીનો પ્રારંભ કરાવ્યો છે ? – 11મી
- ગુજરાતમાં 'ગરીબ કલ્યાણ મેળા'નો પ્રારંભ ક્યારથી થયો હતો ? – ડિસેમ્બર, 2009
- વર્ષ 2017-18 દરમિયાન ભારતનો પ્રત્યક્ષ કર–GDP રેશિયો કેટલો રહયો છે ? – 5.98
- વર્ષ 2018નો તાનસેન પુરસ્કાર કોને એનાયત થયો છે ? – શ્રીમતી મંજુ મહેતા
- તાજેતરમાં 1 જાન્યુઆરી, 2019ના રોજ ભીમા કોરેગાંવ યુદ્ધની 201મી વર્ષગાંઠ હતી...આ ભીમા કોરેગાંવ ભારતના કયા રાજ્યમાં આવેલું છે ? – મહારાષ્ટ્ર
- ભારતમાં નાના બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવા માટે ઈસરો દ્વારા તાજેતરમાં કયા મંચની શરૂઆત કરવામાં આવી છે ? – વિદ્યાર્થીઓ સાથે સંવાદ
- ભારતના પ્રથમ સંગીત મ્યુઝિયમની કઈ જગ્યાએ સ્થાપના કરવામાં આવશે ? – તિરુવૈયરુ, તમિલનાડુ
- તાજેતરમાં 1 જાન્યુઆરી, 2019ના રોજ ભારતે કયા દેશ સાથે પરમાણુ સંસ્થાનોના લિસ્ટની આપ લે કરી છે ? – પાકિસ્તાન
- બ્રહ્માંડમાં અત્યાર સુધી સૌથી દૂરના અવકાશી પદાર્થ પાસેથી પસાર થનાર અવકાશયાનનું નામ શું છે ? – ન્યુ હોરાઈઝન્સ
- 1 જાન્યુઆરી, 2019ના રોજ કયો/કયા દેશ યુનેસ્કોમાંથી બહાર થઈ ગયા છે ? – અમેરિકા અને ઈઝરાયેલ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી

TELEGRAM CHANNEL
(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.